## જન્મદિને વધામણી



યશ્વી ધર્મેશ ઠાકર
(૨૮-૧૦-૧૫) ફોન : ૨૩૨ ૩૨૦૦૨



ભાર્ગવ દલાભાઈ
મો : ૯૭૨૩૦ ૧૧૦૮૦

# આજે અમદાવાદ ખાતે ડૉ. ગણપત વણકરનું જાહેર નાગરિક સન્માન



ગાંધીનગર, તા. ૨૭

પ્રેમાળ મનોચિકિત્સક, દલિત સાહિત્યના પુરસ્કર્તા ડૉ. ગણપત વણકર પોતાની દીર્ઘકાલીન યશસ્વી તબીબી કારકિર્દી બાદ આ માસમાં સેવાનિવૃત્ત થઈ રહ્યા છે અને ઈન્દોર ખાતે પોતાની સેવાનો પુનઃ આરંભ કરી રહ્યા છે. તેમનું જાહેર નાગરિક સન્માન બુધવારે સાંજે ૫.૩૦ કલાકે ગોવર્ધનરામ ત્રિપાઠી હૉલ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે ડૉક્ટરને બિરદાવવા તથા પ્રસંગને શોભાવવા સૌ ભાવિક નાગરિકોને આયોજકો દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગરના 'મુક્તા આર્ટ્સ'ના કલાકારો દ્વારા નવી દિલ્હીમાં 'રાસ-ગરબા'



ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજિત "મુક્તા આર્ટસ", ગાંધીનગરના કલાકારો દ્વારા નવી દિલ્હી ખાતે, ગુજરાત ભવનમાં "શરદ પૂર્ણિમા" નિમિત્તે રાસ-ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું દીપ પ્રગટાવી ઉદઘાટન સુપ્રિમ કોર્ટના જસ્ટિસ શ્રી અનિલ દવે એ કર્યું હતું. તે પ્રસંગે ચૂંટણી કમિશ્નર શ્રી એ.કે. જોતિ, નીતિ આયોગના સભ્ય પ્રો. બિબેક દેબોરોય, ભારત સરકારના કોમ્પીટેશન કમિશનના ચેરમેન શ્રી અશોક ચાવલા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. નિવાસી આયુક્ત શ્રી ભરત લાલે તેમના સ્વાગત પ્રવચનમાં મહાનુભાવોને આવકારતા કહ્યું હતું કે, ગુજરાતના રાસ-ગરબા, નૃત્ય જગ પ્રચલિત છે અને દર વર્ષે શરદ પૂર્ણિમા નિમિત્તે ગુજરાત ભવનમાં તેમનું આયોજન થાય છે. મુક્તા આર્ટ્સના કલાકારો દ્વારા સત્ય ઘટના આધારિત કચ્છના "ઢોલી"નું નૃત્ય કરી લોકોને મોહિત કરી દીધા હતા. ૪૫ મીનીટના કાર્યક્રમનો લોકોએ ખૂબ જ આનંદ માણ્યો હતો.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
શાનદાર
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૧૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
શાનદાર
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૬.૧૦, ૯.૧૫

**સ્ક્રીન-૩**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૧૫
તલવાર
૧.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૩.૪૫
૧૦ ઈન્દ્રાધુકુલ્લા (તમિલ)
૬.૪૫
શાનદાર
૯.૪૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧૧.૦૦
પ્યાર કા પંચનામા-૨
૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

# પ્રેરણા વિદ્યાલય દ્વારા ગરબા સ્પર્ધાનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૨૭

નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ પ્રેરણા વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓ માટે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા મહોત્સવમાં ધોરણ-૧થી ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ તથા વસાહતીઓ પણ મોટી સંખ્યામાં સામેલ થયા હતા. આ પ્રસંગે શાળામાં અતિથિ તરીકે કેશરીસિંહ બિહોલા અને નટુભા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે પરાગીબેન પંડ્યા, મીતાબેન સુથાર તથા હાર્દિકાબેન શુક્લએ પોતાની નિષ્ણાત સેવાઓ આપી હતી. શાળાના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ તથા આર એન પટેલે આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થીઓ, શિક્ષકોએ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ નવરાત્રીના મહોલને જીવંત કરી દીધો હતો. વિવિધ કૅટેગરીમાં વિજેતા ખેલૈયાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. પ્રાથમિક વિભાગમાં છોકરાઓમાં અનુક્રમે ઓમ, ભાવેશ કટારા, સ્વયં સોની, છોકરીઓમાં નિધિ મિસ્ત્રી, ધારા કાન્જીયા અને મહિમા પ્રજાપતિ અનુક્રમે વિજેતા રહ્યાં હતાં.

માધ્યમિક વિભાગમાં છોકરાઓના વિભાગમાં અનુક્રમે જય શેનમા, નિહાર વાળા અને કોટડ પ્રિજ્ઞેશ તથા છોકરીઓના વિભાગમાં અંકિતા વાઘેલા, હેલી શાહ તથા પ્રિયંકા દેસાઈ વિજેતા રહ્યાં હતાં. શિક્ષકોના વિભાગમાં પ્રિયંકાબેન શિકારી, રાહુલભાઈ ચૌહાણ તથા અંજનાબેન ચાવડા વિજેતા બન્યાં હતાં. પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રી દ્વારા ગરબા કાર્યક્રમમાં ભાગ લેનારા તથા વિજેતા થનારા સૌ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## આહિર સમાજનું ગૌરવ

# ગાંધીનગરની દીકરી પીએસઆઈ પરીક્ષામાં રાજ્યમાં ૧૪મા ક્રમે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં લેવાયેલી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની પરીક્ષામાં ગાંધીનગરના સૅક્ટર-૪માં વસતી આહિર સમાજની દીકરી કુ. વૈશાલી અરશીભાઈ માડમે સમગ્ર ગુજરાત રાજ્યમાં જનરલ મૅરિટમાં ૧૪મા ક્રમે ઉત્તીર્ણ થઈને સમગ્ર આહિર સમાજ તથા ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દાત્રાણા ગામની વતની કુ. વૈશાલીને આહિર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા હાર્દિક અભિનંદન આપી તેમની ઉજ્જવળ કારકિર્દી



માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. પોલીસ વિભાગની નોકરીમાં એક મહિલા તરીકે સિલેક્ટ થઈ ચૅલેન્જિંગ જૉબ સ્વીકારીને પોતાની કારકિર્દી સુનિશ્ચિત કરીને કુ. વૈશાલીએ હિંમત અને નીડરતાનાં દર્શન કરાવ્યાં છે. સમાજમાં કંઈક કરી બતાવવાની ભાવના તથા લક્ષ્યને આહિર યુવા ફોરમ દ્વારા બિરદાવવામાં આવ્યું છે. કુ. વૈશાલીએ પોતાની બાળવયે પિતાની છત્રછાયા ગુમાવ્યા પછી બીઍડ સુધી અભ્યાસ કરી રાજકોટ શહેરમાં શિક્ષિકાની નોકરી સ્વીકારી હતી. ત્યારબાદ સખથ મહેનત કરીને પીઍસઆઈની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ આહિર સમાજનું ગૌરવ વધાર્યું છે. તેઓ મહિલા પીઍસઆઈ તરીકે પ્રામાણિક અધિકારી તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી નારી શક્તિનાં દર્શન કરાવે તેવી શુભકામનાઓ આહિર યુવા ફોરમ દ્વારા પાઠવવામાં આવી છે.

# સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વિજ્ઞાન મહોત્સવ

## ધોરણ-૫થી ૯ના વિદ્યાર્થીઓ દ્વારા હોવરક્રાફ્ટ, ફેસમીટર, ટૅરેસ ઑર્ગેનીક ફાર્મિંગ, હાઈડ્રોલિક ક્રેઈન, હોમોપોલાર મોટર, લેવીટેશન ડિસ્પ્લે, રૉબોટ વગેરે વિષયને લગતા મૉડેલ રજૂ કરવામાં આવ્યા હતા



ગાંધીનગર, તા. ૨૭

સૅક્ટર-૮ ખાતે કાર્યરત સ્કૂલ સૅન્ટ ઝેવિયર્સ ખાતે આજે મેળાનો માહોલ રચાયો હતો. બાળકો અને વાલીઓ હાથમાં વિજ્ઞાનના પ્રૉજેક્ટ્સ, ચાર્ટપેપર વગેરે લઈને જોવા મળતા હતા.

પ્રસંગ હતો વિજ્ઞાન મેળાનો, જેમાં ધોરણ-૫થી ૯ના વિદ્યાર્થીઓ દ્વારા હોવરક્રાફ્ટ, ફેસમીટર, ટૅરેસ ઑર્ગેનીક ફાર્મિંગ, હાઈડ્રોલિક ક્રેઈન, હોમોપોલાર મોટર, લેવીટેશન ડિસ્પ્લે, રૉબોટ વગેરે વિષયને લગતા મૉડેલ રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા જ પોતાના મૉડેલ્સની માહિતી વિસ્તારથી આપવામાં આવી હતી.

શાળાના અન્ય વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ આ વિજ્ઞાન મહોત્સવ નિહાળ્યો હતો અને ભાગ લેનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# ગાંધીનગર શહેર વિશે લખાયેલાં કાવ્યોનું સ્વપઠન ૮ નવેમ્બરે જિલ્લા પુસ્તકાલયમાં

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના ૫૧મા સ્થાપના દિને ગાંધીનગર વિશે લખાયેલાં કાવ્યોનું સ્વપઠન નવેમ્બર માસમાં યોજવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે કે, અગાઉ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, પરંતુ સંજોગોવશાત્ તે મુલતવી રાખવું પડ્યું હતું, જે હવે આગામી તા. ૮ નવેમ્બરના રોજ સાંજે પાંચ કલાકે જિલ્લા પુસ્તકાલય, સૅક્ટર-૨૧ ખાતે ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક દરમ્યાન યોજવામાં આવ્યું છે.

જે કવિ મિત્રોએ પોતાની કાવ્યકૃતિ અગાઉ મોકલી છે, તેઓ તથા રસ ધરાવતા ભાવકમિત્રોને આ કાર્યક્રમમાં પધારવા બંને સંસ્થાઓ તરફથી હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શિશુવિહારના ઉપક્રમે આજે માનભાઈ ભટ્ટ નાગરિક સન્માન

ગાંધીનગર, તા. ૨૭

ભાવનગરના લોકસેવક શ્રી માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં બુધવારે નાગરિક કાર્યક્રમ સન્માન યોજવામાં આવી રહ્યો છે.

પૂ. મોરારિબાપુની અધ્યક્ષતામાં પ્રતિવર્ષ યોજાતા નાગરિક સન્માન અંતર્ગત વર્ષ ૨૦૧૫માં જ્ઞાન-વિજ્ઞાન અને માનવતાના સમન્વય સમા કરુણાસભર મહર્ષિ ડૉ. ઍચ ઍલ ત્રિવેદીનું શ્રેષ્ઠ નાગરિક તેમજ વિશ્વભરમાં નઈ તાલીમની શિક્ષણ પ્રણાલીના પુરસ્કર્તા લોકભારતી મહાવિદ્યાલયના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અરુણભાઈ દવેને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવશે.

સમાજની શ્રેષ્ઠતાની સરાહના માટે અગ્રેસર શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે વર્ષ ૧૯૯૧થી પ્રારંભાયેલ નાગરિક સન્માન કાર્યક્રમ દ્વારા છેલ્લાં પચીસ વર્ષમાં ગુજરાત રાજ્યના વિભિન્ન કાર્ય ક્ષેત્રો વચ્ચે સેવા આપતા ૭૨ નાગરિકોનું સન્માન કરવામાં આવ્યું છે.

ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરના વિદ્યાર્થી સ્વતંત્રતાસેનાની તથા ૧૦૬ વરસે પણ જીવનની આનંદપૂર્ણ અવસ્થામાં એક આદર્શ માનવશરીર પ્રતિકરૂપ પ્રેમશંકરભાઈ ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમ પ્રસંગે મહુવા તાલુકામાં ગ્રામ વિકાસનાં કાર્યો થકી સાંપ્રદાયિક સૌહાર્દની આશા પ્રજ્વલિત રાખતા ઈસ્માઈલભાઈ કલાણિયા તથા કોબા વિસ્તારમાં ગ્રામ્ય બહેનો અને યુવકોના વિકાસમાં જીવનતીર્થના માધ્યમથી સેવા કરતા દિપ્તીબેન રાજુનું સન્માન કરવામાં આવશે.

શિશુવિહાર સંસ્થાના પ્રાંગણમાં બુધવારે સાંજના ૪ કલાકે પૂ. મોરારિબાપુની નિશ્રામાં યોજાનારા આ સન્માન સમારોહમાં વડોદરા સ્થિત શ્રમમંદિર સંસ્થાના કાર્યકર અને છેલ્લાં ૩૭ વર્ષથી કુષ્ટરોગીઓની સેવા કરતા ડૉ. દેવીન્દ્રાબહેન નારિચાણિયાનું અભિવાદન કરવામાં આવશે તથા તેમને માનવજ્યોત સેવા સંસ્થા તરફથી રૂા. ૪ લાખનું અનુદાન પૂ. મોરારિબાપુના વરદ્ હસ્તે અર્પણ કરવામાં આવશે.

ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજી પ્રેરિત નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય દ્વારા સ્ત્રીશિક્ષણની જ્યોત પ્રજ્વલિત રાખનાર બહેનોમાં આવડત, સંસ્કાર અને સહિષ્ણુતાના વિકાસની ખેવના રાખતા વાચિનીબા ગોહિલને શ્રેષ્ઠ શિક્ષક તરીકે ઍવોર્ડ અને રૂા. ૧૫ હજારનો પુરસ્કાર આપવામાં આવશે.

પ્રતિકાર ભર્યો પુરુષાર્થ કરતા રહી પ્રભુપ્રીત્યર્થે બીજા માટે કંઈક કરી છૂટવાનો જીવનમંત્ર આપનાર માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં યોજાતા સન્માન કાર્યક્રમમાં પધારવા તથા પૂ. મોરારિબાપુ અને સન્માનિત મહાનુભાવોના પ્રતિભાવો દ્વારા સેવા-સુવાસની સામાજિકતાનો સંદેશ ઝીલવા સૌ ભાવકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# નવી પેઢી... નવું વર્તન...

## વાચકોની કોલમ

નવી પેઢી અને જુની પેઢી વચ્ચેના અંતરની વાત વર્ષોથી સાંભળીએ છીએ. દરેક પેઢીને પોતાના સંતાનો નવી પેઢીના લાગે છે અને આ પેઢી તેમની અપેક્ષા મુજબની નથી એમ લાગ્યા કરે છે. આનાથી કોઈ મોટી તકલીફ થતી નથી પણ ઘણી વાર તેમના વાણી કે વર્તનથી મનમાં એવો ભાવ થઈ આવે છે કે નવી પેઢી સમજતી જ નથી. મન સતત તેમનામાં ખામી શોધવામાં લાગી જાય છે.આવું વાતવરણ એક પ્રકારનો તનાવ ઉભો કરે છે અને અંતર વધતું જતું હોય એમ લાગ્યા કરે છે. શું ખરેખર આવું જ છે? આ પ્રશ્ને ગંભીરતાથી વિચારીએ તો આજનો માહોલ અને જીવનની પદ્ધતિ એવી ગોઠવાઈ છે કે ક્યાંક કશુંક ખુટતું લાગે છે અને તેના મૂળ કારણમાં નવી પેઢી જવાબદાર હોવાનો ભાસ થાય છે.મોટાં ભાગે વ્યવસાયના કારણે કે યુવાનોની પરદેશ તરફની દોટના કારણે યુવા પેઢી મા બાપથી દૂર રહેતી થઈ ગઈ છે. તેના મૂળમાં યુવાનોનું વર્તન ક્યાંય કારણરૂપ નથી. કોઈક ગણ્યા ગાંઠ્યા કિસ્સામાં મા બાપ સાથે બેહુદૂ વર્તન થયું હોય અને તેમને વૃદ્ધાશ્રમનો સહારો લેવો પડ્યો હોય ત્યાં નવી પેઢી ચોક્કસ જવાબદાર હશે પણ મહદ અંશે દિકરા દિકરીઓ મા બાપની કાળજી લેતાં થયાં છે અને લે છે.સોશિયલ મીડીયાના કારણે આવા સંબધોનું મહત્વ અને જીવનમાં મા બાપનું સ્થાન શું છે તેની વાતો ભલીભાંતી માનસમાં ઠસેલી છે પણ તે વાતનો જેને અહેસાસ થવો જોઈએ તેમને જ અનુભવાય નહીં તો શું કામનું?



સવાલ એ થાય કે જીવન જીવવા માટે જરૂરી હોય તેટલી મા બાપની કાળજી લેવાય અને તેમની જરૂરિયાત પુરી કરવામાં આવે તો યુવા પેઢીની જવાબદારી પુરી થઈ ગણાય.? શું ઘરડાં મા બાપની અપેક્ષા પણ તેટલાં પુરતી મર્યાદિત છે? આનો જવાબ સ્પષ્ટપણે ના માં જ આપવો પડે તેવી પરિસ્થિતિ થઈ છે.આજે યુવા પેઢી મા બાપની કાળજી રાખે છે અને તેમની જરૂરિયાત પણ પુરી કરે છે પણ લાગણીના તાર તુટેલાં જોવા મળે છે. લાગણી નથી એમ કહી શકાય એમ નથી કેમ કે લાગણી તો ભરપૂર છે પણ તેમાં જે હૂંફ હોવી જોઈએ તેની ભારોભાર ખોટ છે અને એટલે જ તાર તુટેલાં છે એમ કહેવું પડે છે. આ તાર તુટેલાં હોવાથી તેમાંથી લાગણીના પ્રવાહો હૃદય સુધી પહોંચતાં નથી અને એટલે જ આજે યુવા પેઢી એક રીતે કહીએ તો વગોવાય છે. અત્યાર સુધી બે પેઢી વચ્ચે કહેવાતું અંતર અનુભવાતું થઈ ગયું છે. અમુક તબક્કા પછી મા બાપ સાથેનો વાર્તાલાપ બંધ થઈ જાય છે. આ સહજ રીતે બને છે. એમ નથી કે તે ગમતો નથી કે કરવો હોતો જ નથી પણ તેની જરૂર લાગતી નથી. આ પરિસ્થિતિ ગેરસમજ ઉભી કરે છે.

આપણને સૌને અનુભવ છે કે જીવનના દરેક તબક્કે માત્ર ચિંતા અને લાગણીના કારણે મા બાપે પુછેલો પ્રશ્ન યુવા પેઢીને ટક ટક લાગે છે. ક્યારેક મા બાપ પૂછે કે તું ક્યાં જાય છે? તો યુવા પેઢીને આવા પ્રશ્નોના જવાબ આપવાનું જરૂરી લાગતું નથી અને કદાચ જવાબ આપે તો ભારો ભાર અકળામણ સાથે જવાબ અપાય છે.તેમાં ક્યારેક તોછડાંપણું ભળી જાય છે. જે વાત હોય તેનો મા બાપને ક્યાંય વિરોધ કરવો હોતો નથી છતાં આવો એક પ્રશ્ન યુવા મનને અકળાવે છે. આ બાબત તેને તેની સ્વતંત્રતા ઉપરની તરાપ લાગે છે. હકિકતમાં આ પ્રશ્નનો જવાબ તે આપે તો મા બાપને એક પ્રકારની શાંતિ અનુભવાય છે. તેમને "સાથે" જીવ્યાનો અનુભવ થાય છે. એક સથવારો હોવાનો અને સંતાન સાથે એક સેતું હજું એમ નો એમ જ અકબંધ છે એવો અનુભવ થાય છે. આ વાતનો અહેસાસ કરાવવા નવી પેઢીએ માત્ર એક ઘરમાં "સાથે રહેવા"ની વાતને સમજવાની જરૂર નથી પણ "સાથે છે" એ સમજવાની જરૂર છે. એવો અહેસાસ કરાવવાની જરૂર છે. રોજ પાંચ દસ મિનિટ મા બાપ પાસે બેસવું, તેમણે ચા પીધી કે નહીં? આજે ઠંડી જેવું લાગે છે નહીં? એમ સ્વાભાવિક અને સહજ રીતે પૂછપરછ કરીને તેઓ સતત સાથે જ છે એવી ભાવના ઉભી કરવાની જરૂર છે. તે નાની અને તદ્દન સામાન્ય લાગતી વાત તેમના માટે કેવી મહત્વની છે તેનો એક આહલાદક અનુભવ માત્ર એટલું પૂછવાથી થશે. આ વર્તન તેમનાં ચહેરાં ઉપર ખુશીને ઝલક લાવવા કાફી છે. ઘરમાં પત્નીને બહાર જવા વિષે કહ્યું હોય છતાં મા બાપને "ચાલો ત્યારે હું એક મિત્રની ખબર કાઢી આવું...હું ફલાણે ઠેકાણે જઈને આવું છું...આવા સહજ રીતે કરેલાં વિધાનો તેમના અસ્તિત્વનું સાર્થકપણું બની જશે. આવી વાતો થતી હશે તો જે અંતર દેખાય છે તે દૂર થશે. વાસ્તવિક અંતર તો હોતું જ નથી પણ અંતરની ભ્રમણા પણ દૂર થશે. આ પ્રકારનું વાતાવરણ સર્જાય તો જીવનના જે સદગુણો શાળામાંથી મળતાં નથી તે વ્યવહારિક રીતે ઘરનાં નાનાં ભુલકાઓમાં આવતાં જાય છે.જીવનની પાઠશાળાના આ ગુણો પોતે ક્યાંય શીખેલા નથી પણ પોતાના મા બાપના તેમના વડીલો સાથેના વ્યવહારમાંથી જ પોતે શીખ્યા હોઈએ ત્યારે આ પ્રકારનું વર્તન બાળકો સહજપણે શીખશે. આ માટે દાદા દાદી સાથે તે મુક્ત પણે હળે ભળે તેવી ટેવ પાડવી જોઈએ.આ પ્રકારની ટેવથી તે વડીલોને માન આપવાની સહજ ભાવના વાળા થશે એટલે એક રીતે પોતાની વૃદ્ધાવસ્થાની સલામતીની વ્યવસ્થા થતી જાય છે એમ કહીએ તો પણ ખોટું નથી. આપણને દરેક ને ખ્યાલ છે કે નાનપણમાં દાદા દાદીની વાતો થકી ઘણાએ જીવનના ઉત્તમ ગુણો પ્રાપ્ત કર્યા છે પણ આજના જમાનામાં બાળક ભણતર જેવી અનેક પ્રવૃત્તિથી ઘેરાયેલું હોય ત્યારે તે વાત શક્ય ના બને તો પણ આપણા વર્તનથી તે જેટલું શીખે તે જીવનના ઉત્તમ મૂલ્યો બની રહેશે એમાં શંકાને સ્થાન નથી.

**- નરેશ ઝીંઝુવાડીયા**